**જીસ્વાનથી**

ક્રમાંકઃ જી-૧(ક્રાઇમ)ટે.૯ / ૯૩૬૫ /૧૧
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,**
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર
તા. ૬/૫/૨૦૧૧

**વિષયઃ** વિઝિટ દરમિયાન તપાસવાના મુદ્દાઓ.

રેન્જ વડાશ્રીઓ, પોલીસ અધીક્ષકશ્રીઓ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ તેમજ શહેર વિસ્તારના સિનીયર પોલીસ અધિકારીશ્રીઓ તેમના તાબાની કચેરીઓ અને પોલીસ સ્ટેશનોની વિઝીટ કરે ત્યારે નીચેના મુદ્દાઓ જે વિઝીટને સબંધકર્તા હોઇ તે અંગે તપાસણી કરવા સૂચના છે. આ મુદ્દાઓ રેડી રેકનર તરીકે છે અને સર્વગ્રાહી નથી. જેથી આ પત્રમાં દર્શાવેલ મુદ્દાઓ ઉપરાંત પણ જે તે વિસ્તારના અન્ય સબંધકર્તા મુદ્દાઓની પણ તપાસણી કરવાની રહેશે.

**ઇન્ચાર્જ અધિકારી**

(૧) ઈન્ચાર્જ અધિકારી હેડ કવાર્ટરમાં હોય ત્યારે ઓફીસ સમયમાં ઓફીસમાં હાજર રહે છે કે કેમ ?

(૨) ઈન્ચાર્જ અધિકારી માત્ર ઓફીસમાં રહિને જ કામ કરે છે કે અન્ય ક્ષેત્રોમાં મુલાકાત લઈ પોલીસ કર્મચારી તથા પ્રજાનાં માણસોને મળે છે કે કેમ ?

(૩) ઈન્ચાર્જ અધિકારી અરજદારોને મળે છે કે કેમ ?

(૪) પોલીસ કર્મચારીઓ ઈન્ચાર્જ અધિકારીને મળીને તેમની રજુઆત કરી શકે છે કે કેમ ?

(૫) ઈન્સ્પેકશન માટે પૂરતો સમય આપે છે કે કેમ ?

(૬) જે પોલીસ કર્મચારીઓની એક પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષ કામ કરે તે પછી તેમની બદલી કરવામાં આવે છે કે કેમ ? એકને એક પોલીસ સ્ટેશનમાં વારંવાર નિમણુંક આપવામાં આવતી નથીને.

(૭) લોકોની ફરીયાદ દાખલ કરવામાં આવે છે કે કેમ ? ફરીયાદની નકલ આપવામાં આવે છે કે કેમ?

(૮) પોલીસ કર્મચારીઓની એસ.પી. કચેરીની કાર્યરીતી બાબતે કોઈ અસંતોષ છે ?

(૯) નશો કરનાર પોલીસ કર્મચારી વિરૂધ્ધમાં ગુન્હો દાખલ કરવામાં આવે છે કે કેમ?

(૧૦) દારૂ જુગારના ધંધા ચાલે છે કે કેમ ?

(૧૧) દારૂનાં કેસમાં મુળ સુધી તપાસ કરી સપ્લાયર / ▯▯▯▯ ગુનેગારો વિરૂધ્ધ પગલા લેવામાં આવે છે કે કેમ ? તેમની પાસા કરવામાં આવે છે કે કેમ ?

(૧૨) દેશી દારૂનાં કિસ્સામાં ગોળ/નવસાર પુરૂ પાડનાર વિરૂધ્ધ પગલા લેવામાં આવે છે કે કેમ ?

(૧૩) આર્થિક ગુન્હાઓનાં કિસ્સામાં એફ.આઈ.આર. દાખલ કરી ઉડાંણથી તપાસ કરવામાં આવે છે કે કેમ?

(૧૪) ખંડણી ઉઘરાવનાર માથાભારે તત્વો વિરૂધ્ધમાં પગલા લેવામાં આવે છે કે કેમ?

(૧૫) સામાન્ય માણસને ન્યાય મળે તેવો પોલીસ વહિવટ છે કે કેમ ?

(૧૬) હપ્તા ઉઘરાવનારા વહિવટદારો / રીક્ષાવાળાઓ વિગેરે જેવી વ્યવસ્થા અમલમાં નથી ને?

**ક્રાઇમ સંબધીત મુદ્દાઓ**

(૧૭) ભાગ-૧ થી ૫ના સીરીયસ ગુનાઓ(ધાડ/લુટ/ઘરફોડ ચોરીઓ-મિલકત વિરૂધ્ધના વણ શોધાયેલ, નુકશાન વળતરની હકીકતની વિગતની ચર્ચા

(૧૮) ભાગ-૬ના (પ્રોહી-જુગાર અંગેના કેસો તેમજ લેવામાં આવેલ અટકાયતી પગલા જેવા કે, (પાસા, હદપારી, પ્રોહી-૯૩ વિગેરે)

(૧૯) ભાગ-૧ થી ૫, ભાગ-૬, પ્રોહી, અકસ્માત મોત, એમ કેસ વિગેરે ગુનાઓની ૩-માસ, ૬-માસ સુધી તપાસો પેન્ડીગ રહેવાના કારણો
(૨૦) લાબા સમયથી પેન્ડીગ રહેલ મુદામાલ નિકાલ અંગે થયેલ કાર્યવાહીની વિગત
(૨૧) કોર્ટ પેન્ડીગ સમરી-જજમેન્ટની નિકાલની કાર્યવાહી વિગત
(૨૨) ના.પો.અધિ/સીપીઆઇ ધ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત તેમજ તમામ પો.ઇન્સ/પો.સ.ઇશ્રીની કેસ ડાયરી/વિકલી ડાયરી, વિલેજ વીજીસ્ટેશન આઉટ પોસ્ટની વીજીટની કરેલ કાર્યવાહીની વિગત
(૨૩) ડીસીબી,એલસીબી,એસઓજી ધ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત
(૨૪) ૩-માસ/૬-માસ/૧-વર્ષ સુધીના સમયગાળાની પેન્ડીગ અરજીઓ નિકાલ સંબધેની કામગીરીની વિગત
(૨૫) મનીલેન્ડરોના ત્રાસ
(૨૬) ૧૪વર્ષની ઉમરનાં બાળકો ટુ વ્હીલર વાહનો ચલાવતાં હોય છે.જેથી શાળાનાં પ્રીન્સીપાલને મનાઈ કરવા સમજ કરવી જોઈએ
(૨૭) વાહન ચોરી ની પોલીસ ફરીયાદ લેતી નથી.
(૨૮) ગામમાં ભેલાણ ની રજુઆત
(૨૯) પો.સ્ટે.માં મહિલા કોન્સ. ન હોય જે બાબત
(૩૦) ફરીયાદ લેખીત કે મૈખીક કઈરીતે આપી શકાય
(૩૧) શરૂઆતમાં વણ શોધાયેલ રહેલ હોય અને બાદમાં શોધી કાઢેલ ગુનાની વિગત
(૩૨) શહેર/જીલ્લા ખાતે નક્કી કરવામાં આવેલ લક્ષ્યાંક મુજબની કરેલ કામગીરીની વિગત
(૩૩) શહેર/જીલ્લા ખાતે ટ્રાફીક સંબધે અકસ્માત નિવારણ અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની વિગત
(૩૪) ગૃહ વિભાગ/ડીજીપીશ્રી વતી બહાર પાડવામાં આવેલ સ્ટેન્ડીગ ઓર્ડર/પરીપત્રો જેવા કે પ્રોહી જુગાર પ્રવૃતિ અટકાવવા તેમજ સ્થાવર/જંગમ મિલકતોની અંગત તકરારોના બનાવોમાં લેવામાં આવેલ પગલા અને કરેલ કાર્યવાહીની વિગત
(૩૫) શહેર/જીલ્લા ખાતે સમન્સ/વોરંટ/નોટીસની બજવણી તેમજ પેન્ડીગ રહેવાના કારણો સહીતની વિગત
(૩૬) શહેર/જીલ્લા ખાતે પોલીસ અધિકારી/કર્મચારી વિરૂધ્ધની ખાતાકીય તપાસની કામગીરીની વિગત
(૩૭) શહેર/જીલ્લા ખાતે યોજેલ લોકદરબારની કાર્યવાહીની વિગત
(૩૮) રેન્જ વડાશ્રી/પોલીસ અધિક્ષકશ્રી/નાયબ પોલીસ અધિક્ષકશ્રી ધ્વારા કરવામાં આવેલ ઇન્સપેકશનની વિગત
(૩૯) મા. મુખ્ય મંત્રીશ્રી ના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત આવેલ અરજીઓના નિકાલ/પેન્ડીગની વિગત
(૪૦) પેરોલ-ફર્લો હેઠળ/પોલીસ જાપ્તામાંથી નાસ્તા-ફરતા આરોપીઓને પકડવા અંગે કરેલ કામગીરીની વિગત
(૪૧) પોલીસ અધિકારી/કર્મચારીઓએ કરેલ સારી કામગીરીના ઇનામ પત્રકની વિગત
(૪૨) શહેર/જીલ્લામાં ખેડુત આત્મહત્યા/દલીતોપર અત્યાચાર બાબતેના ગુનાઓ સંબધે કરેલ કાર્યવાહી વિગત
(૪૩) પોલીસ વેલફેર, હેલ્થકાર્ડ, મેડીકલ કેમ્પ, વિમા યોજના સંબધે કરેલ કામગીરીની વિગત
(૪૪) પોલીસ ભરતી પક્રીયા, પ્રમોશન તેમજ આધુનિકરણ અંગે કરેલ કામગીરીની વિગત

<u>અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ વિરૂધ્ધ થતા ગુનાઓ:</u>

(૪૫) સવર્ણો દ્વારા થતી કિન્નાખોરી જેવી કે મંદિર પ્રવેશ, ચુટણી સંઘર્ષ અંગેની રજુઆત
(૪૬) સવર્ણો દ્વારા દલિતોનો બહિષ્કાર

(૪૭) સવર્ણોની દુકાનેથી કરીયાણું આપવુ નહીં, શાકભાજી આપવા નહીં, દૂધ આપવુ નહીં, ઘંટીએ દરણું દરી આપવું નહીં વિગેરે રજુઆત

(૪૮) દલિતોના મહોલ્લામાં લાઇટ, ગટર, પાણી, કનેક્શન આપવામાં ભેદભાવ

(૪૯) પોલીસ સ્ટેશનોમાં દલિતોની ફરીયાદ લેવામાં આવતી નથી. અને હડધુત કરવામાં આવે છે. ઉચ્ચ કક્ષાએ રજુઆત બાદ ફરીયાદ લેવાય છે.

(૫૦) દલિતોની ફરીયાદની તપાસ ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીશ્રી મારફત થતી નથી. પરંતુ સ્થાનીક પો.સ.ઇ./પો.ઇન્સ દ્વારા થાય છે.

(૫૧) એસ.સી.-એસ.ટી.ના ગુનાઓમાં આરોપીઓ પકડવા બાબતે પોલીસ તરફથી કાળજી લેવાતી નથી.

(૫૨) ૩૦ દિવસમાં ચાર્જશીટ થતુ નથી.

(૫૩) દલિત ભાઇઓ માટે ગામ/કસબામાં સ્મશાન ભુમી નહીં હોવાની રજુઆત.

(૫૪) દલિત ભાઇઓને ગામ/કસબામાં સવર્ણ માથાભારે તત્વો/દારૂડીયાઓ તરફથી હેરાનગતિ તેમજ બહેન-દિકરીઓની છેડતી બાબત.

(૫૫) સરકારી અધિકારીશ્રીઓ દ્વારા નિયમોનુસાર દલિત મહોલ્લાની વિઝીટ લેવાતી નથી.

(૫૬) દલિત બાળકો/વિદ્યાર્થીઓને ગામની શાળા/સ્કુલમાં ભેદભાવ રાખવામાં આવે છે.

(૫૭) દલિત ભાઇઓને ગુનાઓમાં તેમજ અમુક કિસ્સામાં સરકારશ્રી તરફથી મળતી સહાય સમયસર ચુકવાતી નથી.

(૫૮) એસ.સી.-એસ.ટી.ગુનાઓમાં પોલીસ તરફથી ઘણા ગુનાઓમાં આરોપીઓ પકડેલ નથી અને તે અંગે કોઇ કાર્યવાહી થતી ન હોય, કેસો પેન્ડિંગ છે.

(૫૯) દલીત ભાઇઓની પાણીની સગવડ ન હોવા બાબતે રજુઆત થયેલ.

(૬૦) દલીતભાઇઓ તરફથી ગામે સ્મશાનભૂમિ ન હોવાની રજુઆત

(૬૧) લોક દરબાર બાબતે (દલિત વિસ્તારોમાં)

<u>કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના મુદ્દાઓ</u>

(૬૨) શહેર/જીલ્લામાં બનેલ કોમી બનાવોની પરિસ્થિતિ તેમજ અટકાવવા સંબધે લેવામાં આવેલ પગલાઓ અંગેની ચર્ચા.

(૬૩) શહેર/જીલ્લામાં ખેડુત/મજૂર/વિધાર્થી પ્રવૃતિની પરિસ્થિતિ અંગેની ચર્ચા.

(૬૪) શહેર/જીલ્લામાં આગામી સમય દરમ્યાન આવતા ધાર્મિક તહેવારો દરમ્યાન સભા-સરઘસ, રેલી વિગેરે બાબતે બંદોબસ્ત સંબધેની ચર્ચા.

(૬૫) શહેર/જીલ્લામાં જમીનને કારણે કોઇ કાયદો અને વ્યવસ્થા સંબધીત પ્રશ્નો ઉપસ્થિત થતા હોય તે અંગેની ચર્ચા.

(૬૬) શહેર/જીલ્લામાં આગામી સમય દરમ્યાન કોઇ ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલીકા ચુટણીઓ આવનાર હોય તે અંગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અંગે ચર્ચા.

(૬૭) આદીવાસી વિસ્તારોમાં મુવમેન્ટ-નકસલવાદ/આંતકવાદ પ્રવૃતિ અટકાવવા સંબધે કરેલ કાર્યવાહી વિગત

(૬૮) શહેર/જીલ્લામાં આતકવાદી પ્રવૃતિઓ સંબધે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ સ્ટાન્ડર્ડ ઓપરેટીગ પ્રોસીજર સ્કીમ (SOP) અમલવારી/ મોકડ્રીલ/ મરીન પો.સ્ટે.સંબધીત કરેલ કામગીરીની વિગત

(૬૯) સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરીની વિગત

<u>વહીવટ:</u>

(૭૦) રાજયમાં જિલ્લા/રેન્જ કચેરીઓ ખાતે પોલીસ ખાતાના જુદા જુદા સંવર્ગના કર્મચારીઓ/ કર્મચારીઓના સંખ્યાબળના પ્રમાણમાં પુરતા રહેણાંકના મકાનોની ઉપલબ્ધતા છે કે કેમ ?

અને જો રહેણાંકના મકાનોની અછત જણાય તો એમ.ડી.શ્રી પોલીસ આવાસ નિગમ સાથે પરામર્શ કરવા બાબત.

(૭૧) પોલીસ સ્ટેશન, ચોકી, આઉટ પોસ્ટ, કચેરીઓના બિન રહેણાંક મકાનોની મરામત, રંગરોગાન, સાઇનબોર્ડ, તેમજ નાગરિક સુવિધા અંતર્ગત પુરી પાડવામાં આવેલ સેવાઓ તેમજ અધતન ફર્નીચર

(૭૨) પોલીસ ખાતાની જુદા જુદા સંવર્ગની મંજુર થયેલ મહેકમમાં પરિક્ષ્યેપમાં સંખ્યાબળમાં અછત અનુભવાય છે. તો તેના નિવારણ બાબત.

(૭૩) રાજ્યના જિલ્લા/યુનિટોમાં સમયબધ્ધ રીતે મોર્ડનોઇઝેશનની યોજના અંતર્ગત પુરતા સાધન સામગ્રી, અધતન વાહનોની ફાળવણી તેમજ સંદેશાવ્યવહારના સાધનોની અછત વર્તાની હોવાની બાબત.

(૭૪) રાજ્યના દરેક જિલ્લા યુનિટોને પુરતા પ્રમાણમાં હથિયાર અને દારૂગોળીના જથ્થા બાબતે તેમજ પોલીસ અધિકારી/કર્મચારીઓને ફાયરીંગ પ્રેકટીશ બાબતે

(૭૫) રાજ્યના દરેક જિલ્લા/યુનિટના પોલીસ કર્મચારીઓ/અધિકારીઓને આવશ્યક તમામ પ્રકારની તાલીમ મળી રહે તે માટેનું આયોજન.

(૭૬) રાજ્યમાં પોલીસ કર્મચારીઓને જાહેર રજાના પગારની ચુકવણીમાં ઘણીવાર વિલંબ થાય છે. જે સમયસર ચુકવણી થાય તે અંગે યોગ્ય થવા બાબત.

(૭૭) ઉપલી કક્ષાના અધિકારીશ્રીઓ ધ્વારા તાબાની કચેરીઓ જેવી કે પોલીસ સ્ટેશન, ચોકી, આઉટ પોસ્ટની સમયાંતરે વિઝીટ/ઇન્સપેકશન કરવા બાબત.

(૭૮) રાજ્યના જિલ્લા/યુનિટોમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવા બાબતે

(૭૯) રાજ્યના જિલ્લા/યુનિટોમાં સમયાંતરે રકતદાન કેમ્પોનું આયોજન કરવા જેવી બાબત.

## <u>સ્ટેટ કન્ટ્રોલ રૂમ:</u>

(૮૦) સ્ટેટ કન્ટ્રોલ રૂમ કે હોમ કન્ટ્રોલને તાત્કાલિક અસરથી ગંભીર બનાવોની માહિતી આપવામાં આવતી નથી, અને સદર માહિતી મીડિયામાં આવ્યા બાદ સરકાર અને એસ.સી.આર.ને જાણ થાય છે,

(૮૧) એસ.સી.આર.માં ટેલિફોન દ્વારા અરજદારોની કોઇપણ પ્રકારની રજૂઆતો આવતી હોય છે, ત્યારે તરત અમલ કરી, અને ત્વરિત લીધેલ પગલાંની જાણ એસ.સી.આર.ને કરવામાં આવતી નથી.

(૮૨) હાઇવે પર થયેલ લૂંટ કે ધાડના ગુન્હાના કિસ્સામાં ફરિયાદી નજીકના પો.સ્ટે.માં ફરિયાદ આપવા જાય ત્યારે હદની બાબત અંગે ફરીયાદીની ફરીયાદ અંગે બે પો.સ્ટે.ની હદ નકકી કરવા બાબતે તાત્કાલિક કાર્યવાહી થતી નથી.

(૮૩) હાઇવે લૂંટ, ધાડ, ગોળબાર, અપહરણના કિસ્સાઓમાં સંબંધિત જીલ્લા/યુનિટ તરફથી તાત્કાલિક નાકાબંધી કરવાની જાણ એસ.સી.આર.માં કરવામાં આવતી નથી અથવા મોડેથી કરવામાં આવે છે. પરિણામ સ્વરૂપ અસરકારક નાકાબંધી થઇ શકતી નથી.

(૮૪) જયારે કોઇ ચોકકસ તારીખે કોઇ કાર્યક્રમ હોય જેમ કે, વી.આઇ.પી.ની મુલાકાત, મેળો, ઉત્સવો,રથયાત્રા, ગણેશોત્સવ ત્યારે જે તે શહેર/જીલ્લા તરફથી એસ.આર.પી.ની માંગણી ૧૫ દિવસ અગાઉ કરવા વારંવાર સૂચનાઓ અપાયેલ છે. છતાં ઘણી વખત કાર્યક્રમના આગળના દિવસે એસ.આર.પી.ની માંગણી કરવામાં આવે છે.

(૮૫) સંબંધિત શહેર/જીલ્લા યુનિટો તરફથી સ્થાનિક ફોર્સથી બંદોબસ્ત જાળવી શકાય તેમ હોવા છતાં, એસ.આર.પી. ફોર્સની બિનજરૂરી તથા વધારે માંગણી કરવામાં આવે છે.

ટ્રાફિક:

(૮૬) ટ્રાફીકના જવાનો અને અધિકારીઓની પસંદગી ખાસ કાળજીપૂર્વક કરવી. તેમાં ખાસ પ્રભાવ પડી શકે તેવા ઉંચાઇવાળા,સશકત, સ્માર્ટ, ચપળ અને હોશીયાર જવાનો તથા અધિકારીઓને સ્થાન આપવું જરૂરી અને ઇચ્છનીય છે.

(૮૭) તેઓનો યુનિફોર્મ ફરજ દરમ્યાન તદ્દન સ્વચ્છ, સુઘડ અને સારા ટર્ન આઉટવાળો તથા તેમાં ખાસ કરીને નેઇમ પ્લેટ ઉપરાંત ટ્રાફીકને લગતા સાહિત્ય, ઉપકરણો જેમ કે મો.વ્હી.એકટ, પોકેટ બુક, એન.સી. બુક, મેમા બુક, બેટન, વ્હીસલ જરૂરિયાત મુજબ હેલ્મેટ, રીફલેટીવ જેકેટસ, બેલ્ટ વિગેરેથી સજ્જ હોય તે જરૂરી અને ઇચ્છનીય છે.

(૮૮) તેઓની નિયમિતતા બાબતે ખાસ કરીને ફરજ શરૂ થવાના સમયે અને ફરજ પુરી થવાના સમયે ચેકીંગના અભાવે ટ્રાફીકના જવાનોમાં હાજરી વિશેષ ક્ષતિ જોવામાં આવેલ છે.

(૮૯) ઘણી વખત હાઇવેનું રીપેરીંગ કરતી વખતે તેવું રીપેરીંગ કરનાર સીવીલ ઓથોરીટીના અધિકારીઓ રોડ સેફટી માટે લેવાજોગ તકેદારીના પગલામાં કસૂર રાખતા હોય છે. તેવી ખામી રાખવા સબબ સીવીલ ઓથોરીટીના જવાબદાર અધિકારી સામે પણ તે કેસની કલમ મુજબ કાર્યવાહી કરવી.

(૯૦) રાજયના તમામ શહેર/જીલ્લા એકમોમાંથી વણશોધાયેલા પ્રાણઘાતક અકસ્માતોની સંખ્યા ઘણી છે. કેસ વણશોધાયેલ રહેવાથી વીમા કંપની તરફથી કે અન્ય રીતે મળનાર નાણાંકીય વળતરની પણ મોટી ખોટ પડે છે. આવા વણશોધાયેલ પ્રાણઘાતક અકસ્માતો મોટાભાગે પો.સ્ટે.ના ઇન્ચાર્જ સિવાયના તેઓના તાબાના તપાસ અધિકારી દ્વારા તપાસ થતી હોવાથી તપાસ દરમ્યાનની અપૂરતી ગંભીરતાને કારણે પણ આવા કેસો કાયમીપણે વણશોધાયેલા રહી જતા હોય છે જેથી હવે પછી રાજયના પોલીસ મહાનિદેશકશ્રીના પરિપત્રથી એવું નકકી કરવામાં આવેલ છે કે આવા વણશોધાયેલ પ્રાણઘાતક કેસની તપાસ શરૂઆતથી જ એટલે કે કેસ ડાયરી નં. ૧ થી જ તે પો.સ્ટે.ના ઇન્ચાર્જશ્રીએ સંભાળી લેવાની રહેશે.

(૯૧) સ્થાનિક પોલીસ તરફથી પોત પોતાના વિસ્તારમાં આવતા હાઇવે ઉપરના અકસ્માતના સંભવિત ક્ષેત્રોને પહેલેથી સર્વે કરીને જાણી લેવા તેમજ તેવા ક્ષેત્રોમાં થતા ગંભીર અકસ્માતો ટાળવા રોડ મીકેનીઝમની કોઇ ખામી હોય અને તેમાં સુધારો કરવાથી અથવા ટ્રાફીક પોલીસની હાજરી રાખવાથી ઉપાય શકય હોય તે મુજબ તજવીજ થવી ઇચ્છનીય અને જરૂરી છે.

(૯૨) એ જ રીતે પોત પોતાના વિસ્તારમાં જયાં જયાં રોડ મીકેનીઝમની ખામી જણાઇ આવે ત્યાં તેવી ખામીને દુરસ્ત કરવા લગતા સીવીલ ઓથોરીટીનાં વડાને લેખિત જાણ કરી અંગત ધ્યાન આપી તેવી રોડ મીકેનીઝમની ખામીને દુરસ્ત કરાવડાવી સંભવિત અકસ્માતોને નિવારી શકાય તેવી કામગીરી થવી જરૂરી અને ઇચ્છનીય છે.

(૯૩) માર્ગ સુરક્ષા નિધિ અન્વયે જે તે શહેર / જીલ્લા તરફથી જે તે વર્ષ દરમ્યાન જે ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે તેનો આધાર તે શહેર / જીલ્લા તરફથી તેના પાછલા વર્ષ દરમ્યાન તેઓએ સમાધાન શૂલ્ક વસૂલાત અન્વયે વસૂલ કરેલ નાણાના પ્રમાણમાં ફાળવણી થતી હોય છે. અને એ રીતે મળતા નાણાનો ઉપયોગ કેવી રીતે કરવું તે માટે સ્થાનિક સ્તરે આગોતરૂ આયોજન થાય તો તે રીતે તબકકાવાર અને સુઆયોજીત રીતે તેનો સુવ્યય થઇ શકે.

ખાતાકીય તપાસ:

(૯૪) પોલીસ ખાતાના સીવીલીયન અધિકારી/કર્મચારી વિરૂધ્ધની ખાતાકીય તપાસ હાથ ધરવા સરકારશ્રી દ્વારા પેનલ પર નિયુક્ત કરાયેલ ખાતાકીય તપાસ અધિકારીશ્રીઓ એક યા બીજા કારણસર તપાસ નહીં સ્વીકારતા હોવાના કારણે ખાતાકીય તપાસની કાર્યવાહીમાં વિલંબ થવા પામે છે.

(૯૫) જીલ્લા/કમિશ્નર લેવલે ખાતાકીય તપાસ ઝડપી ચલાવવામાં આવતી નથી. ટુંકી મુદત આપી અગત્યના સાહેદો વહેલામાં વહેલી તકે તપાસી કાગળો સંબંધિત શિસ્ત અધિકારીને મોકલવા જોઈએ.

તાબાની કચેરીઓને વિઝિટ માટે ઉપરોક્ત મુદ્દાઓની માહિતી તૈયાર રાખવા સૂચના આપવી.

(સુધીર સિન્હા)
અધિક પોલીસ મહાનિદેશક
કાયદો અને વ્યવસ્થા, ગુ. રા., ગાંધીનગર
6.5.11.

પ્રતિ
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા/અમદાવાદ સહિત)

**નકલ સવિનય રવાના:**
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ, ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ઇન્ટે. ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એસસી/એસટી, ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, વહીવટ, ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ઇન્કવાયરી, ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એસ.સી.આર.બી., ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સંદેશાવ્યવહાર, ગુ. રા., ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઓપ્સ)એ.ટી.એસ., ગુ. રા., અમદાવાદ
- નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, પી. એન્ડ એમ. ,ગુ.રા., ગાંધીનગર

17/18